

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*વાડામાં ઘેટાં-બકરાં, બહુમતિના રવાડે છે,*
*બોલાય ભાવ, નીતિ-મૂલ્યો લીલામીના ભવાડે છે,*
*બાણ-શય્યા પર વાળા, ખાધું દુર્યોધનનું અન્ન -*
*સ્તર રાજકારણનું અધોગતિના છેવાડે છે...*

### હાઈકુ

*લ્યો ! સો કરોડ!*
*છે માથાંની કિંમત -*
*આત્મા કોડીનો...*

*પૂછે છે કોણ ?*
*કેદ લોકશાહીમાં -*
*પ્રજામત ને...*

### ચિંતન

**લૌ લાગી નિર્ભય ભયા, ભરમ ગયા સબ દૂર**
**બન બન મેં ઢૂંઢે કહાં, રામ યહાં ભરપૂર**

**ઉપરોક્ત સાખી કબીર બીજક ગ્રંથમાંથી લેવામાં આવેલ છે.**

**આત્મા એ જ પરમાત્મા છે એ ભઆવ જેણે સ્વીકારી લીધો છે તેને એ પરમતત્વની લગની લાગી જાય છે અને તેમાં તે એકતા ન બની નિર્ભય બની જાય છે. સમર્થ પ્રભુમાં શરણમાં પૂર્ણ શ્રદ્ધા હોવાથી તેના મનમાં કોઈ ભય-ધાસ્તી, ગભરાટ કે ચિંતા પ્રવેશ કરી શકતાં નથી. પ્રભુશ્રી રામમાં અખૂટ શ્રદ્ધા જ માણસને ઘણી ઉપકારક થઈ પડે છે. કબીર કહે છે કે રામ જેની ભીતર વસી ગયો છે તેને બીજા કશાની અપેક્ષા રહેતી નથી, મુક્તિ માટે કે રામને શોધવા તેને કયાંક ભટકવું પડતું નથી.**

### સુવિચાર

- જળ લઈ જોઈએ તેટલું, ગરણુ લઈ ગાળ, નદી તળાવ ગળાય નહીં, તું તારું સંભાળ - **જીવનપાથેય**
- તમને જે જોઈએ તે નથી મળતું એવે વખતે જે પ્રાપ્ત થાય છે
  તેનું નામ 'અનુભવ' - **એસ. ભટ્ટાચાર્ય**
- 'સમાધિ' એટલે ચિત્તની સમ્યક રૂપે અધિષ્ઠિત થયેલી અવસ્થા - **જ્ઞાનસૂત્ર**
- ઉતાવળ અને આનંદ એક સાથે રહી શકતા નથી - **ભૂપત વડોદરિયા**
- ખુદાને આજ તક ઉસ કોમ કી હાલત નહીં બદલી,
  ન હો ખુદ જિસ કો અહેસાસ અપની હાલાત બદલને કા - **ડો. શકિલ**
- પેટ બગડે તો કરો ઉપવાસ, વાતાવરણ બગડે તો રાખો મૌન - **આરોગ્ય ગીતા**
- આજનું ઔષધ : સોરાયસીસ વાળી ત્વચા ઉપર મરિચયાદી તેલનું માલીશ કરવાથી લાંબેગાળે ફાયદો થાય છે.

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

પાંચ વર્ષના બાળકને જન્મદિવસે કોઈકે નગારું ભેટ આપ્યું. બાળક નગારું વગાડી વગાડીને શોર કરો. મૂકે જ નહીં. માબાપ, પાડોશીઓ સૌ એ એને નગારું બહુ ન વગાડવા સમજાવ્યો. પણ બાળક તો માને જ નહીં.

રોજ એક જણ બાળકને અલગ રીતે સમજાવે. પણ બાળકને કોઈ અસર નહીં. એક જણે કહ્યું કે નગારાના એક સરખા અવાજથી કાનના પડદા ફાટી જાય અને બહેરા થઈ જવાય.

બીજાઓ ઘરના સૌને કાનમાં પૂમડા ખોસવાની સલાહ આપી. ત્રીજાએ છોકરાને વાર્તા કહી નગારાથી દૂર કરવાનો પ્રયત્ન કર્યો. ચોથાએ છોકરાને નાગરું મંદિરમાં જ વાગે એવું સમજાવવાનો પ્રયત્ન કર્યો પણ બધા જ પ્રયત્નો વ્યર્થ. કાંઈ વળ્યું નહીં.

મા-બાપ બાળકને લઈને નગારા સાથે એમના ધર્મગુરુને મળવા ગયા. અને ફરિયાદ કરી કે આ નગારાનું કંઈક કરો. ધર્મગુરુ એ વાત સાંભળી છોકરાને પ્રેમથી બોલાવી એના હાથમાં હથોડી આપી અને કહ્યું, 'તપાસ તો કર કે નગારાની અંદર શું ભર્યું છે જે વાગે છે ?'

# મુલ્યનિષ્ઠ રાજનીતિના લીરેલીરા

**તંત્રીસ્થાનેથી...**

આખરે જે અપેક્ષા હતી તે જ થઈને રહ્યું. વજુભાઈ વાળાએ એમના સુપ્રીમ બોંસને ખુસ કરવા માટે ભાજપના મુખ્યમંત્રીપદના ઉમેદવારને જ કર્ણાટકનું સુકાન સોંપી દીધું. રાજકારણમાં નૈતિક મૂલ્યો પોથીમાંથી રીંગણા જેવા હોય છે. યેદિયુરપ્પા કયારેક ભ્રષ્ટાચાર શિરોમણિ તરીકેની બેઈજ્જતી ધરાવતા હતા. એમણે ભારતીય જનતા પાર્ટી છોડી પોતાની પ્રાદેશિક પાર્ટી પણ બનાવી હતી. કર્ણાટકમાં ૧૭ થી ૧૮ ટકા મતદાતા ધરાવતા લિંગાયત સમાજના નેતા હોઈ તેઓ ભાજપ માટે અનિવાર્ય બની રહેતાં એમને આરોપમુકત થતાં ફરી પાછા ભાજપના મુખ્યમંત્રીપદના ઉમેદવાર બનવાની તક મળી હતી. સામા પક્ષે કોંગ્રેસે આ જ સમુદાયની વર્ષો જૂની માગણી સ્વીકારીનો લિંગાયત સંપ્રદાયને હિંદુ ધર્મથી અલગ લઘુમતીનો દરજ્જો ઉપલબ્ધ કરાવી અને રાજી કરવાનો માસ્ટર સ્ટ્રોક માર્યો હતો. અલબત્ત, આ પગલું કોંગ્રેસને ફળ્યું નહીં, અને લિંગાયત સમુદાયે પોતાના જ નેતાને મુખ્યમંત્રી બનાવવા માગતી ભારતીય જનતા પાર્ટીની તરફેણમાં મતદાન કરીને યેદિયુરપ્પાને બહુમતી નજીક પહોંચાડી દીધા હતા.

જો કે મેજિક આંકડાથી પાછળ રહી ગયેલ ભાજપ વિરુદ્ધ કોંગ્રેસ અને જનતા દળ (ઍસ) વચ્ચે તત્કાળ ગઠબંધન થઈ ગયું અને કોંગ્રેસે પોતાની ૭૮ બેઠકો છતાં ૩૮ બેઠકો ધરાવતા જનતા દળ (ઍસ)ના નેતા. ઍચ.ડી. કુમારસ્વામીના નેતૃત્વ હેઠળ સરકાર રચવા માટે સમર્થન જાહેર કરી દીધું. તોડફોડમાં રાજકારણ શરુ થાય એ પહેલાં જ કોંગ્રેસે એના તમામ ધારાસભ્યોને એના બહુચર્ચિત ઈગલટન રિસોર્ટમાં ખસેડી દીધા હતા. કુમાર સ્વામીએ પોતાની પાર્ટીના ધારાસભ્યોને ૧૦૦ કરોડની અને મંત્રીપદની ઑફરો સાથે લલચાવી ભાજપના સમર્થનમાં ખેંચવાના પ્રયાસો થઈ રહ્યાનો ખુલ્લો આક્ષેપ પણ કર્યો હતો. સંખ્યાભળની રૂએ ગઠબંધન નથી, છતાં વજુભાઈ વાળાએ કેન્દ્રીય નેતાગીરીને ઈશારે સૌથી મોટા પાર્ટીના નેતાને સરકાર રચવા નિમંત્રણ પાઠવી કર્ણાટકમાં ખળભળાટ સર્જ્યો છે. દિલ્હી સ્થિત કોંગ્રેસના ધારાશાસ્ત્રી નેતાઓએ યેદિયુરપ્પાના શપથવિધિ સામે સ્ટે માગ્યો છે. પરંતુ એની સુનાવણી થાય તો પહેલાં જ કર્ણાટકના રાજયપાલશ્રીએ યેદિયુરપ્પાને મુખ્યમંત્રી પદના શપથ લેવડાવી પાર્ટીના વફાદાર સેવક હોવાની સાબિતી આપી દીધી છે. યેદિયુરપ્પાને વિધાનસભાના ફ્લૉર પર બહુમતી સિદ્ધ કરવા માટે પણ પૂરતો સમય ફાળવાયો છે. આમ યેનકેન પ્રકારેણ મોદી-શાહની કોંગ્રેસમુક્ત ભારતની ચળવળને વજુભાઈ વાળાએ ઈંધણ પૂરું પાડ્યું છે. અન્ય રાજયોમાં રંગેચંગે શપથવિધિ સમારંભો યોજી દેશભરના ભાજપી મુખ્યમંત્રીઓ સાથે વડાપ્રધાન મોદી અને પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ હાજરી આપતા હતા તેની સામે યેદિયુરપ્પાનો શપથ સમારંભ ઉતાવળે યોજી કર્મકાંડ સમેટી લેવાયો છે. કોંગ્રેસી નેતાઓ ધરણાં પર બેઠા છે. આગામી દિવસોમાં રાજકીય હૂંસાતૂંસીની પરાકાષ્ઠા જોવા મળવાની છે અને મૂલ્યોની વાતો કરનારાઓ કેટલા બોદા છે એની પ્રતીતિ થઈ જવાની છે.

# પશુઓ પાસેથી શિક્ષણ



**રંગ-ઉમંગ**

કાનન ઓઝા

સિંહાટ્રેક બકાદેવાં શિક્ષેચ્ચત્વારિ કુકકુરાત્।
વાયસાત્પજય ષટ શુનસ્ત્રીજિ ગર્દભાત્॥

'સિંહ અને બગલા પાસેથી માણસે એક એક ગુણ શિખવાનો છે. ગધેડા પાસેથી ત્રણ, મરઘા પાસેથી ચાર, કાગડા પાસેથી પાંચ અને કૂતરા પાસેથી તેણે છ ગઉણ શિખવાના છે.'

માણસ જયાંથી કોઈ સારી વાત મળે તેને શીખવામાં કોઈ સંકોચ કરવા જેવો નથી. નીચ માણસ પાસે પણ કોઈ ગુણ હોય તો તેને પામવાનો યત્ન તેણે કરવો જોઈએ. એવું કરનાર માણસ સુંદર જીવન જીવી શકે છે. આપણે આ ગુણોને ઓળખીએ.

સિંહ પાસેથી એક ગુણ એ શિખવાનો છે કોઈ પણ કામ એ નાનું હોય કે મોટું પણ તેને પૂર્ણ કરવા માટે પૂરું બળ અને સમસ્ત સામર્થ્ય લગાડવું જોઈએ. કોઈ પણ કામને મહત્ત્વહીન સમજી તેની ઉપેક્ષા કરવી ન જોઈએ. અને એકવાર જે કામ પૂરું હાથ ઉપર લીધું તેને પૂરું કરીને જ છોડવું જોઈએ.

સૌપ્રથમ તો કરવા જેવું કામ વિવેકપૂર્વક નક્કી કરો. પછી એ કામ પૂરી ક્ષમતાથી, બધા સાધનોથી, પૂર્ણ જાગૃતિથી અને સમસ્ત પુરુષાર્થથી કરો. માણસ મોટે ભાગે કામ નક્કી જ નથી કરતો પછી એ જ કામ શરુ છે. તેમાં કંટાળી ને અધુરું છોટી દે છે કે બીજા ને વળગાડી દે છે. આમ કરવાના કારણે તેને સિદ્ધિ નથી મળતી.

વિવેકથી કરેલું કામ એક જ પ્રયત્ને સફળ થાય તેવું ન પણ બને કદાચ નવ્વાણું પ્રયત્નો કરી એક માણસ થાકીને કામ પડતું મૂકે અને બીજા સો પ્રયત્ને સફળ થાય તેવું પણ બને છે. સિંહ આવી રીતે કામ કરે છે. તેનાં મુખ્ય કામ બે હોય છે. એક શિકાર કરવાનું એન બીજું તા ક્ષેત્રમાં બીજો સિંહ ન પ્રવેશે તે માટે જાગૃત રહેવાનું. આ બે કામો એ પૂરા સામર્થ્યથી અને પૂરા પ્રયત્નથી કરે છે. માણસે સિંહ પાસેથી આ શિખવાનું છે. જો માણસ આધ્યાત્મિક સાધના આ જ રીતે કરે તોએ જરૂર સફળ થઈ પરમ તત્ત્વને પામી શકે.

માણસ ધ્રુવનો દાખલો લે ! માણસ માથે ઓચિંતી આફત આવી પડે તો એ શું કરે છે ? ત્યારે એ લમણે હાથ દઈને નથી બેસતો પણ ઝડપથી વિચારીને, ત્વરાથી નિર્ણય લઈને, પૂર્ણ શક્તિથી ત્વરાથી કામ કરીને એ આફત માટે મથે છે. 'વા' નાદર્દના કારણે પગે સોજો આવ્યો હોય. દુઃખાવો પણ ખાસો થતો હોય, તેથી માણસ ધીમે ધીમે ચાલતો હોય પરંતુ, ત્યારે એની પાછળ કોઈ હડકાયું કૂતરું પડે તો એ જ માણસ દોડે છે. તેથી જ સંતો કહે છે કે માણસ ધર્મ કરતી સમયે બલહીન બને છે. અને પરદારા સાથે પૂરી શક્તિથઈ રંગે રમે છે. પ્રયત્ન કરનારને આખરે સફળતા તો મળવાની જ પણ તેને માટે થાક્યા વિના, કંટાળ્યા વિના તેણે પ્રયત્ન કરતાં રહેવું પડશે. ગાંઠવાળા લાકડા ઉપર નવાણું ઘા કર્યા છતાં ન તૂટે પણ સો માં ઘાએ તૂટી પડે એવું પણ બને. 'સફળ અને બુદ્ધિમાન વ્યક્તિ તે જ છે જે બગલાની જેમ પોતાની ચિત વૃત્તિઓને નિયંત્રિત કરીને એક સ્થાન, એક સમયે અને પોતાની શક્તિનો ખ્યાલ રાખીને કામ પૂર્ણ કરવાની પૂરી શક્તિથી મંડી પડે છે.'

બગલો આડંબરી છે. નદીમાં ઊભો હોય ત્યારે આ સાધુની જેમ તપ કરતો દેખાય છે. પણ તેની દૃષ્ટિ નીચે પાણીમાં છે. આંખો અર્ધ બંધ છે પણ પગ પાસેથી માછલું પસાર થતાં જ ચાંચમાં તેને ઝડપી લે છે. એવી જ રીતે જો માણસ ધ્યાન કરતા હોય, ભક્તિ કરતો હોય પણ તેની નજર ભોગ તરફ હોય તો તે બગલા જેવો છે. બગ ભગત છે. પણ માણસે બગલા પાસેથી એ ગુણ શીખવાનો છે કે બગલો ઈન્દ્રિયોનો નિરોધ કરી, લક્ષ્ય ઉપર જ પોતાનું ધ્યાન કેન્દ્રિત કર. બગલો અનુકૂળ સ્થાન, અનુકૂળ સમય જોઈ. પોતાની શક્તિનો પૂરો વિચાર કરીને એકાગ્રતાથી પોતાનું કામ કરે છે. તેથી સફળ થાય છે. એ જ રીતે માણસે પણ લક્ષ્ય સિદ્ધ કરવું હશે તો મન અને ઈન્દ્રિયો ઉપર કાબુ મેળવવો પડશે. માણસ ખાઉધરો ન બને તો તેનામાં આળસ ન આવે. જીભ વશ રાખે તો કટુ વાણી ન બોલાય. આંખ વશ રાખે તો કામ ઉત્પન્ન ન થાય મુરખ. માણસ સમયનો ઉપયોગ લડવામાં નિંદામાં વેડફે છે. બુદ્ધિમાન માણસ સત્સંગ અને પરોપકારમાં સમય ગાળે છે.

# ભારતના કયા વૈજ્ઞાનિકને 'ભારત રત્ન'થી નવાજવામાં આવ્યા ?



**ખજાનો**

અનિલ પટેલ

## વિજ્ઞાન જગત

૧ ઈસ્ટટીટયુટ ઑફ ફિઝિક્સ નામની સંસ્થા કયાં આવેલી છે?
(અ) અમદાવાદ (બ) બેંગ્લોર
(ક) ભૂવનેશ્વર (ડ) હૈદરાબાદ

૨ સોડિયમ બાયકાર્બોનેટ શું છે ?
(અ) ધોવાના સોડા (બ) ખાવાના સોડા
(ક) ચૂનાનું રાસાયણિક સૂત્ર (ડ) ખોરાકની જાળવણી માટેનું રસાયણ

૩ સૌ પ્રથમવાર સંગ્રહીત અવાજ સાંભળવાનું સાધન ગ્રામોફોનની શોધ કોણે કરી હતી ?
(અ) થોમસ આલ્વા એડિશન (બ) જે. પ્રિસ્ટલીએ
(ક) કાર્લ બેન્જ (ડ) લૂ.ઈ. વોટરમેને

૪ નીચેનામાંથી કયા વૈજ્ઞાનિકને બે વખત નોબેલ પ્રાઈઝ મળેલ છે?
(અ) સી.વી. રામન (બ) હરગોવિંદ ખુરાના
(ક) મેરી ક્યુરી (ડ) રેન્ટજોન

૫ ભારતના કયા વૈજ્ઞાનિકને 'ભારત રત્ન'થી નવાજવામાં આવ્યા ?
(અ) સી.વી. રામન (બ) ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ
(ક) ડૉ. વિક્રમ સારાભાઈ (ડ) ડૉ. કસ્તુરી રંજન

૬ ભારતના ઉપગ્રહો છોડવા માટેનું સ્થળ શ્રીહરિકોટા કયા રાજયમાં આવેલ છે?
(અ) કેરાલા (બ) કર્ણાટક
(ક) આંધ્રપ્રદેશ (ડ) તમિલનાડુ

૭ આનુવંશિકતાનો સિદ્ધાંત કયા વૈજ્ઞાનિકે આપ્યો હતો ?
(અ) મેન્ડલીફે (બ) કે. મેકમિલને
(ક) ડાર્વિને (ડ) રૂથર્ડફોર્ડ

૮ કેમોથેરાપી કયા રોગના ઉપચાર માટે વપરાતી પધ્ધતિ છે ?
(અ) કિડની સંબંધિત રોગ (બ) ડાયાબિટીસ
(ક) કેન્સર (ડ) એઈડ્ઝ

૯ વિક્રમ સારાભાઈ સ્પેસ સેન્ટર કયાં આવેલું છે ?
(અ) અમદાવાદ (બ) બેંગ્લોર
(ક) મુંબઈ (ડ) થુમ્બા

૧૦ એલેકઝાન્ડર ફલેમીંગે કઈ શોધ કરી હતી ?
(અ) કોલેરાની રસી (બ) પેનીસીલીન
(ક) શીતળાની રસી (ડ) ઈન્સ્યુલીન

૧૧ પ્રથમ કેલ્ક્યુલેટરની શોધ કોણે કરી હતી ?
(અ) બી. પાસ્કલ (બ) આલ્ફ્રેડ નોબેલ
(ક) જેમ્સ વોટ (ડ) સ્ટિવન્સન

૧૨ ગણતરી માટે વપરાતા લોગેરીધમની શોધ કોણે કરી હતી ?
(અ) બેન્ટીંગ અને બેસ્ટ (બ) રામાનુજન
(ક) જહોન નેપિયર (ડ) જગદીશંચદ્ર બોઝ

૧૩ ચાંચડ નામના જંતુથી કયો રોગ વધુ ફેલાય છે ?
(અ) શિતલા (બ) બળીયા
(ક) મેલેરિયા (ડ) પ્લેગ

૧૪ કયા વૈજ્ઞાનિક આધુનિક રસાયણશાસ્ત્રના પિતામહ તરીકે ઓળખાય છે ?
(અ) પાસ્કલ (બ) રોબર્ટ બોઈલ
(ક) રૂથરફોર્ડ (ડ) મેરી ક્યુરી

૧૫ સિલિકોન ડાયોકસાઈડ એટલે શું ?
(અ) સ્લૅટ (બ) ચૂનો
(ક) રેતી (ડ) હળદળ

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતી મહત્ત્વની ઘટનાઓ**

- **૧૮ મે : વિશ્વ સંગ્રહાલય દિવસ**
  - ૧૯૭૪માં પ્રથમ ભૂમિગત પરમાણું પરીક્ષણ પોખરણ ખાતે
  - ૨૦૦૬માં રાજાશાહી અધિકારો પર કાપ મૂકી ધર્મ નિરપેક્ષ નેપાળ બનાવવાનો ખરડો પસાર થયો.
  - નિરંજન ભગતની જન્મ જયંતિ (૧૯૨૬)
  - 'આદિલ' મન્સુરીની જન્મજયંતિ (૧૮૩૬)
- **૧૯ મે :**
  - નાટ્ય લેખક - દિગ્દર્શક ગિરીશ કર્નાડની જન્મજયંતિ (૧૯૩૮)
  - ૨૦૦૬માં ૧૬મી વખત નેપાળના શેરપાએ એવરેસ્ટ સર કર્યું.
  - રશિયાનું વેનેરા યાન ૧૯૬૧માં પ્રથમવાર શુક્ર પાસેથી પસાર થયું.
- **૨૦ મે :**
  - ભારતે પોતાની યાન દ્વારા પ્રથમ ઉપગ્રહ છોડ્યો (૧૯૯૨)
  - સુસ્મિતા સેન મિસ યુનિવર્સ બની. (૧૯૯૪)
  - વાસ્કોડી ગામાએ યુરોપથી ભારત આવવાનો માર્ગ શોધ્યો
  - સુમિત્રા નંદન પંતની જન્મજયંતિ (૧૯૦૦)
  - જાણીતા સાહિત્યકાર ભોળાભાઈ પટેલની જન્મજયંતિ (૧૯૩૪)
- **૨૧ મે : ત્રાસવાદ વિરોધી દિવસ**
  - પદ્મશ્રી શરદ જોષીની જન્મજયંતિ (૧૯૩૧)
  - અમેરિકાને શોધનાર ક્રિસ્ટોફર કોલંબસની પુણ્યતિથિ (૧૫૦૬)
  - રાજીવ ગાંધીની પુણ્યતિથિ (૧૯૯૧)
  - મલયાલમ ફિલ્મોના સુપરસ્ટાર મોહનલાલનો જન્મ (૧૯૬૦)
- **૨૨ મે : વિશ્વ જૈવિક વિવિધતા દિવસ**
  - રાજારામ મોહનરાયનો જન્મ દિવસ (૧૭૭૨)
  - પહેલો રગ્બી વર્લ્ડ કપ ન્યુઝીલેન્ડમાં શરુ થયો (૧૮૮૭)
  - વિશ્વનું પ્રથમ વિમાન બનાવનાર રાઈટસ બ્રધર્સ પ્રોડક્ટ પેટન્ટ મેળવી (૧૯૦૬)
  - લોર્ડ બ્રેલોને મુંબઈમાં દેશના પ્રથમ સ્ટેડિયમની આધારશિલા મુકી (૧૯૩૬)
  - રમણલાલ જે. જોષીની જન્મજયંતિ (૧૯૨૬)
  - બેલેસ્ટીક મિસાઈલ અગ્નિનું સફળ પરિશ્રણ (૧૯૮૯)
- **૨૩ મે : વર્લ્ડ ટર્ટલ ડે**
  - મલ્લ વિદ્યાના સ્વામી પહેલવાન ગામાની પુણ્યતિથિ
  - વિશ્વની દશ સુંદરીઓમાં સ્થાન મેળવનાર જયપુર સ્ટેટના રાજમાતા ગાયત્રીદેવીનો જન્મ દિવસ (૧૯૧૯)
  - ગુજરાત યુનિ.ના પૂર્વ ઉપકુલપતિ અને ગણિતશાસ્ત્રી પી.સી. વૈદ્ય સાહેબની જન્મજયંતિ (૧૯૧૮)
  - લીલાવતી મુનશીની જન્મ જયંતિ (૧૮૯૯)
- **૨૪ મે : કોમનવેલ્થ દિન**
  - નિકોલસ કોપરનીકસની પુણ્યતિથિ (૧૪૪૭)
  - સંગીતકાર રાજેશ રોશનનો જન્મ (૧૯૫૫)
  - સુપ્રસિદ્ધ કેળવણીકાર ગટુભાઈ ધ્રુવની પુણ્યતિથિ (૧૯૬૮)
  - મજરૂહ સુલતાનપુરીની પુણ્યતિથિ (૨૪-૫-૨૦૦૦)

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**કર્ણાટકમાં દેવગૌડાની પાર્ટીનું નામ શું છે ?**

**જવાબ : જે.ડી. એસ. (જનતાદળ સેક્યુલર)**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત એમ. રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨ (૨) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪ (૩) ઈન્દ્રસિંહ રાઠોડ : દોલારાણા વાસણા (૪) હાર્દિક મકવાણા : સે-૨૪ (૫) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૭બી (૬) નટુભાઈ દરજી - પેથાપુર

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**કર્ણાટક રાજયના હાલના ગર્વનર કોણ છે?**

**'ગાંધીનગર સમાચાર'-**
**ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# પરાક્રમી, પરદુ:ખભંજક અને પ્રેમાળ કાર્તિકેય

જેઠ સુધ છઠ સ્કંદષષ્ટી છે. તે બે રીતે છે :

(૧) એક જુલ્મી શાસકના ત્રાસમાંથી પ્રજાને છોડાવનારા પરાક્રમ પર દુ:ખભંજન અને પ્રેમાળકુમાર કાર્તિકેયનો આ દિવસે જ જન્મ દિવસ છે. સ્કંદનો અર્થ છે શત્રુને કચડી નાખનાર. આ હેતુથી તો એનું અવતરણ થયેલું છે. સ્કંદની ષષ્ઠી.



(૨) સ્કંદ અને ષષ્ઠી. જેવી રીતે શિવપાર્વતી યુગલવાચક છે, તેની જેવું સ્કંદષષ્ઠીનું છે. કાર્તિકેયની પત્નીનું નામ ષષ્ઠી છે. બંને એકબીજાને એકદમ અનુરુપ. કુમાર પરાક્રમી અને ષષ્ઠી શક્તિસ્વરુપ ખરેખર તો એ ઈન્દ્રની પુત્રી દેવસેના હતી. પરંતુ દેવીઓના ક્રમમાં એ છઠ્ઠા ક્રમે હતી. લક્ષ્મી, સરસ્વતી, સાવિત્રી, દુર્ગા, રાધા અને દેવસેના. એટલે એ ષષ્ઠી તરીકે જાણીતી થઈ. કાર્તિકેયે પોતાની આ પત્ની સિવાય સંસારની બધી સ્ત્રીઓમાં માતા પાર્વતીની રૂપ જ જોયેલું. બંનેની એકબીજા માટે નિષ્ઠા હતી. એ રીતે આ યુગલવાચક નામ સુયોગ્ય છે.

વજાંગ અને વરાગીનો અસુરપુત્ર તારક હતો. શુક્રાચાર્યે તેને રાજ્યાભિષેક કર્યો. એણે તપસ્યા દ્વારા બ્રહ્મા પાસેથી વરદાન મેળવી લીધું. 'શિવનો પુત્ર મને શસ્ત્રથી મારશે, તો જ મારું મૃત્યુ થશે.' એને એમ હતું કે શિવ તો યોગેશ્વર છે, અવિવાહિત જ રહેશે. એ હવે સૌ કોઈ ઉપર ત્રણેય લોકમાં ત્રાસ વરસાવવા લાગ્યો, નિરંકુશ અને મદમત્ત થઈ ગયો.

પરંતુ પાર્વતીએ ઉગ્ર તપશ્ચર્યા કરી અને ભગવાન શંકરનું હૃદય જીતી લીધું. બંનેના વિવાહ થયા. હિમાલયમાં શરનું વન હતું. એમાં એમના પુત્રનો જન્મ થયો. અગ્નિદેવે સહાય કરી. એ જ વખતે છ કૃત્તિકાઓ ત્યાંથી પસાર થઈ. એમને સૌને આ શિશુ માટે માતાઓ જેવું વાત્સલ્ય પ્રગટ્યુ. આ છ માતાઓ સમાન ભાવે દુગ્ધપાન કરાવી શકે એટલે બાળકે છ મુખ ધારણ કરી લીધા. જન્મ સમયે નક્ષત્ર વિશાખા હતું.



**અમર વારસો**

ડૉ. રશ્મિકાન્ત મહેતા

ભગવાન વિષ્ણુએ આ બાળકને વાહન તરીકે મયૂર આપ્યો. દેવી સરસ્વતીએ એને વીણા આપી. કુમાર અવસ્થામાં જ કાર્તિકેય દેવોના સેનાપતિ થયા. એણે તારકાસુરને યુદ્ધ માટે પડકાર્યો. ઘમંડી અસુરે પડકાર ઉઠાવી લીધો.

યુદ્ધ ભયંકર થતું હતું. કાર્તિકેયનું સૈન્ય મહાન હતું. પરંતુ તારકની હાર થતી ન હતી. હવે મહાદેવે કુમારને વિજય મળે એટલે તુલસીકવચ સ્તોત્રની રચના કરી. એણે કુમારને સંભળાવ્યું અને પછી અભયવચન આપ્યું, 'તું તુલસીને મનમાં રાખજે.' આ સ્તોત્રનો પાઠ કરજે પછી યુદ્ધ માટે પ્રસ્થાન કરજે. કુમારે આ સૂચનનું અક્ષરશઃ પાલન કર્યું. હવે એણે તારકનો વધ કર્યો અને વિજય મેળવ્યો.

'અમરકોશ'માં કાર્તિકેય માટે સત્તર નામો આપ્યાં છે :

(૧) કાર્તિકેય (૨) મહાસેન (૩) શરજન્મા (૪) ષડાનન - છ મુખ વાળા (૫) પાર્વતીનંદન (૬) સ્કન્દ (૭) સેનાની (૮) અગ્નિભૂ - એમના પ્રાગટ્યમાં અગ્નિએ સેવા આપેલી. (૯) ગુહ - લોકનું રક્ષણ કરવા માટે સમર્થ (૧૦) બાહુલેય - અનેક માતાઓ વાળા (૧૧) તારકજિત (૧૨) વિશાખ (૧૩) શિખિવાહન - મોર એનું વાહન (૧૪) ષાણમાતુર - છ માતાઓ વાળા (૧૫) શક્તિધર - શક્તિસ્વરુપા ષષ્ઠીના પતિ (૧૬) કુમાર (૧૭) કૌંચદારણ - અસુરમયના પુત્ર કૌંચને એણે હણેલો.

અઢાર પુરાણોમાં તેરમા ક્રમે સ્કંદપુરાણ છે. આ પુરાણના પ્રવક્તા કાર્યિકેય છે. આ શૈવપુરાણ છે. આમાં સાત ખંડો છે અને ૯૦,૧૦૦ શ્લોકો છે.

કાલિદાસ (ઈ.પૂ. ૫૬) એ કુમાર સંભવ નામે સત્તર સર્ગના મહાકાવ્યની રચના કરી છે. એમાં કુમારનો જન્મ અને તારકાવિજય વિષય છે. આના શરુઆતના ૮ સર્ગ નિશ્ચિતપણે કાર્યો કાલિદાસે જ રચેલા છે.

કાર્તિકેય યુદ્ધવિદ્યા, વિજય અને અનુશાસનના દેવ છે. પરાક્રમ, નિર્ભયતા, સુવ્યવસ્થા, અનુશાસન, પરોપકાર, વગેરે અનેક સંદેશાઓ એમના તરફથી મળે છે. દરેક ગૃહસ્થીનું એ યોગક્ષેમ એ સાચવી શકે છે. એટલે સ્કંધછઠ્ઠના દિવસે કાર્તિકેય પૂજનનો મહિમા છે. એમના સદ્ગુણો જીવનમાં ઉતારી શકાય, એ શ્રદ્ધાંજલિ છે.